# Telephone Conversation between PM and Prime Minister of Spain

April 04, 2020

## વડાપ્રધાન અને સ્પેનનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 04, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સ્પેનનાં સરકારનાં રાષ્ટ્રપતિ (વડાપ્રધાન સમતુલ્ય) મહામહિમ પેડ્રો સાંચેઝ પેરેઝ-કાસ્ટેજોન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારી દ્વારા આવી પડેલા વૈશ્વિક પડકાર પર ચર્ચા કરી હતી.

વડાપ્રધાને સ્પેનમાં થયેલી કરુણ જાનહાનિ માટે અંતઃકરણથી દિલાસો પાઠવ્યો હતો, અને હજું પણ રોગથી પીડાઇ રહેલા લોકો ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થનાઓ કરી હતી. વડાપ્રધાને સ્પેનિશ મહાનુભાવને ખાતરી આપી હતી કે ઉત્કૃષ્ટ સ્પેનિશ પ્રયાસો સાથે ભારત એક થઈને ઉભું છે અને તેની શ્રેષ્ઠ ક્ષમતા અનુસાર સહાયતા કરવા માટે તત્પર છે.

બન્ને નેતાઓ વૈશ્વિક આરોગ્યની કટોકટી સામે લડવા માટે આંતરરાષ્ટ્રિય સહકારની અગત્યતા પર સંમત થયા હતા. સ્પેનિશ વડાપ્રધાન  ભારતનાં વડાપ્રધાનનાં અવલોકન સાથે સંમત થયા ગતા કે કોવિડ-બાદનાં સમયકાળ માટે વિશ્વને નવા, માનવ-કેન્દ્રિય વૈશ્વિકરણનાં વિચારને વ્યાખ્યાયિત કરવાની જરૂર છે.

બન્ને નેતાઓ આ મહામારીને કારણે તેઓનાં ઘરોમાં બંધ રહેલા લોકોનાં મનોવૈજ્ઞાનિક અને શારીરિક આરોગ્યને સુનિશ્ચિત કરવાનાં સરળતાથી સુલભ થતા અર્થ પ્રદાન કરવા માટે યોગ અને પરંપરાગત ઔષધિય દવાઓની ઉપયોગીતા પર સંમત થયા હતા.

તેઓ સંમત થયા હતા કે આગળ વધતી કોવિડ-19 પરિસ્થિતિ અને તેમાંથી ઉદ્ભવતી આવશ્યકતાઓનાં સંદર્ભમાં તેઓની ટીમો સતત સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 04, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.